# 3. દામોદર દોશી

**પ્રેમાનંદ**

**જન્મ : આશરે ૧૬૩૬ મૃત્યુ : આશરે ૧૭૩૪**



પ્રેમાનંદ કૃષ્ણરામ ભટ્ટ (ઉપાધ્યાય)નો જન્મ આશરે ૧૬૩૬માં વડોદરા ખાતે થયો હતો અને આશરે ૧૭૩૪માં અવસાન. તેમના પિતા કૃષ્ણરામ જયદેવ ભટ્ટ અને પત્ની હરકોરબાઈ તથા પુત્રો જીવણરામ અને વલ્લભ ભટ્ટ. તેમની માતાનું નાનપણમાં અવસાન થયું હતું. આથી તેમના માસીને ત્યાં તેમનો ઉછેર થયો હતો. તેઓ પંદર વર્ષ સુધી અભણ રહ્યા હતા. ત્યારબાદ પાટણના સાધુ રામચરણ હરિહરે તેમને કાવ્યપ્રસાદી આપી હતી. તેમને ગુજરાતી ભાષા અંગે અતિ માન હતું. આથી એમણે પ્રતિજ્ઞા કરી હતી કે 'જ્યાં સુધી સર્વે ભાષાઓના જેવી ગુજરાતી ભાષા કવિતારૂપી અલંકારો વડે શણગારાય નહીં, ત્યાં સુધી મારે પાઘડી ન પહેરવી.' આ પ્રતિજ્ઞા તેમણે આજીવન પાળી. તેમની મહત્ત્વની કૃતિઓમાં ઓખાહરણ, દાણલીલા, નળાખ્યાન, મામેરું, સુદામા ચરિત્ર, ચંદ્રહાસાખ્યાન, અભિમન્યુઆખ્યાન, દ્રૌપદીસ્વયંવર, દશમસ્કંધ, સુરેખાહરણ, જ્ઞાનગીતા, નાગદમન વગેરે છે.

ખરેખર તો નરસિંહ મહેતા માટે સુખનો પ્રસંગ છે, પણ કવિ કહે છે, 'નરસૈંયાનું દુઃખી જાણી રે.' તેમની દીકરીને સંતાન જન્મવાનું છે. નાગરી નાતના રિવાજ પ્રમાણે દીકરીનાં સાસરિયાંને વસ્ત્રો, ઘરેણાં વગેરે મોસાળા રૂપે આપવાનાં છે. નરસિંહ તો સાવ ગરીબ. તેણે 'સમર્યા શ્રી ભગવાન રે' કવિએ અહીં ઈશ્વરશ્રદ્ધાનો ચમત્કાર બતાવ્યો છે. સ્વયં શ્રી વિષ્ણુ ભગવાન લક્ષ્મીજીની સાથે દામોદર દોશીનું રૂપ ધારણ કરી મોસાળું લઈને આવ્યા છે. પ્રેમાનંદની વર્ણનકલાનો આ એક ઉત્તમ નમૂનો ગણાય છે. આવો ચમત્કાર મહાત્મા ગાંધીજીના જીવનમાં પણ બનેલો. 'હરિજન આશ્રમ' સાબરમતી કાંઠે શરૂ તો કર્યો પણ ચલાવવો કઈ રીતે ? અમદાવાદના એક શેઠ ચૂપચાપ હજારો રૂપિયા આપી ગયા. નરસિંહના જીવનમાં પણ આવા જ કોઈ 'બજાજ' આવ્યા હોય તો નવાઈ નહીં. પ્રેમાનંદની અતિશયોક્તિ કરીને ચિત્રાત્મક અને રસ પડે તેવા વર્ણનની શક્તિ અહીં દેખાય છે.

સંસ્કૃતનો ધાતુ **'ख्या'** એટલે કહેવું. ચારેબાજુનું, સરસ રીતે, રસ પડે તેમ કહેવું તે આખ્યાન.

'મહાભારત' જેવા મહાકાવ્યમાં પણ 'નલોપાખ્યાન' આવે છે. ગુજરાતી સાહિત્યમાં આ કાવ્યપ્રકારનું ચલણ જુદા હેતુથી થયું છે. નિરાશ, હતાશ, ચિંતામગ્ન થયેલી પ્રજાને પ્રભુમાં શ્રદ્ધાવાળી બનાવવાનો હેતુ હતો. ઈશ્વર સૌ સારાંવાનાં કરે છે એ સમજાવવાનું પ્રયોજન હતું. મધ્યકાળના કથાકારોએ રામાયણ, મહાભારત, પુરાણો અને જાણીતા ભક્તો-સાધુ-સંતોના જીવનની કથાઓને જુદા જુદા રાગમાં સંગીત સાથે (ખાસ તો 'માણ' - એક પ્રકારના ઘડા - ઉપર આંગળીઓ પરની વીંટીઓથી તાલ આપતાં આપતાં) શ્રોતાઓને ગાઈ સંભળાવી. એમાં કુતૂહલ અને જિજ્ઞાસા હોય. કથા શ્રોતાઓમાં જાણીતી હોય. તેમાં હાસ્ય, કરુણ, વીર જેવા રસ ઉમેરી એ સમયના પ્રજાજનોની જીવનશૈલીની જેમ જીવતાં પાત્રો બતાવી કથા કહેવાની. પ્રસંગો ઝડપથી બનતા હોય. પરિસ્થિતિઓ ઝડપથી બદલાતી હોય. રસ પડે તેવાં વર્ણનો આવતાં હોય, પાત્રો જીવતાં થતાં હોય. પણ આખી કથા કંઈ એક જ દિવસમાં કહી જવાય નહીં. એટલે

કટકે કટકે કથા કહેવાય. જ્યાં કટકો થાય ત્યાં 'કડવું' (પ્રકરણ) પૂરું થાય. ખાસ તો જે સમયે આ આખ્યાનો કહેવાયાં તે સમયના સમાજજીવન અને વ્યક્તિજીવનના રીતરિવાજો, આચારવિચારો, માન્યતાઓ, વહેમો વગેરે કથામાં ગૂંથી લઈ આખ્યાનકાર શ્રોતાઓનું દિલ બહેલાવતો.

ગુજરાતી સાહિત્યમાં ભાલણ, નાકર, પ્રેમાનંદ જાણીતા આખ્યાનકારો છે.

---

નરસૈયાનું દુ:ખ જાણી રે, ઊઠી ધાયા પુરુષપુરાણી રે;
થયા શેઠ તે સારંગપાણિ રે, સાથે લક્ષ્મી થયાં શેઠાણી રે. ૧
નંદ સુનંદ ગરુડ સાથે રે, વસ્ત્ર ગાંઠડી તેહને માથે રે;
રથ ઉપર બેઠા શ્રી ગોપાળ રે, ધોરીને ધમકે ઘૂઘરમાળ રે. ૨
લોકે ઓળખ્યા નહીં જુગદીશ રે, સાથે વાણોતર દસવીસ રે;
સહુ જોઈ જોઈ વિસમે થાય રે, પ્રભુ આવ્યા તે મંડપ માંહ્ય રે. ૩
છડીદારે વાટ મુકાવી રે, નાગરી નાત તે જોવા આવી રે;
આ વહેવારીઓ કોઈ આવ્યો રે, સાથે ગાંઠડીઓ ત્યાં લાવ્યો રે. ૪
કો ન જાણે ત્રિભુવનભૂપ રે, વહાલે લીધું વાણિયાનું રૂપ રે;
રથ ઉપરથી ઊતરિયા રે, હરિ સભામાંહી સંચરીઆ રે. ૫
ષટ દર્શને ખોળ્યો ન લાધે રે, જેને ઉમયાપતિ આરાધે રે;
ન જડે દાન ધ્યાન બહુ યાગે રે, તે હરિ હીંડે અણવાણે પાગે રે. ૬
જે ચૌદ લોકનો મહારાજ રે, મહેતા માટે થયા બજાજ રે;
વાઘો શોભે કેસરછાંટે રે, બાંધી પાઘડી અવળે આંટે રે. ૭
નેત્રપત્ર શ્રવણે અડિયાં રે, કાને કુંડલ હીરે જડિયાં રે;
એક લેખણ કાને ખોસી રે, નામ ધર્યું દામોદર દોશી રે. ૮
ઝીણા જામા પટકા ભારે રે, હરિ હળવે હળવે પધારે રે;
ખભે પછેડી ઓઢી નાથે રે, બેઉ છેડા ઝાલ્યા હાથે રે. ૯
વીંટી વેલિયાં આંગળિયે રે, સાદાં મોજાં પહેર્યાં શામળિયે રે;
ઘણા વાણોતર સાથે રે, કોણે ઝોળો ગ્રહયો છે હાથે રે. ૧૦
સેવક સેવામાં સજ જાણી રે, પ્રભુ પૂંઠે કમળારાણી રે;
ઊતર્યાં નાગરીઓનાં અભિમાન રે, જાણે ઊગ્યા શશીઅર ભાણ રે ! ૧૧

## ટિપ્પણ

**ધાયા** - દોડ્યા **પુરાણી** - પુરાણ વાંચનાર, કથા સંભાળનાર (અહીં પુરાણોમાં જેમનો ઉલ્લેખ છે તે પુરુષ) **સારંગપાણિ** - જેના હાથમાં સારંગ નામનું ધનુષ્ય છે તે (વિષ્ણુ) **ગાંઠડી** - પોટલું **ધોરી** - બળદ **ઘૂઘરમાળ** - બળદને ગળે બાંધવાની ઘૂઘરાની માળા **વાણોતર** - હિસાબ રાખનાર કર્મચારી **વિસમે થવું** - આશ્ચર્ય પામવું **માંહ્ય** - માં, અંદર **છડીદાર** - મોભાદાર વ્યક્તિની આગળ છડી (દંડ) પકડીને ચાલનાર, **વાટ** - રસ્તો, માર્ગ **વહેવારીઓ** - વેપારી **ભૂપ** - રાજા **ષટદર્શન** - છ દર્શન (વૈદિક તત્ત્વજ્ઞાનનાં છ દર્શન - સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વેદાંત **લાધે** -મળે **સંચરીઆ** -

ચાલ્યા **ઉમયાપતિ** - શંકર **યાગ** - યજ્ઞ **હીંડે** - ચાલે **અણવાણે પાગે** - ઉઘાડા પગે, પગમાં કશું પહેર્યા વિના **બજાજ** - કાપડનો વેપારી **વાઘો** - ડગલો, અંગરખો **કુંડલ** - કાનમાં પહેરવાનું ઘરેણું **લેખણ** - કલમ, પેન **જામો** - અંગરખો **પટકા** - માત્ર એક ગાંઠથી માથે બાંધવાનો લૂગડાંનો કટકો **પછેડી** - પગથી માથા સુધી ઓઢી શકાય તેવી મોટી ચાદર (અહીં ખભે નાખવાનો મોટો ખેસ) **વેલિયાં** - આંગળીમાં પહેરવાની વીંટી **પૂંઠે** - પાછળ **શશીઅર** - ચંદ્ર **ભાણ** - સૂર્ય

## રૂઢિપ્રયોગ

**વાટ મુકાવવી** - અમુક રસ્તે અવરજવર બંધ કરાવવી

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. નરસૈયા માટે ભગવાન કોનું રૂપ ધારણ કરે છે ?
2. ભગવાન પોતાની સાથે કોને કોને લઈને આવે છે ?
3. છડીદાર નગરજનોને શું જણાવે છે ?
4. આ કાવ્યમાં ભગવાન માટે કયાં કયાં નામો વપરાયાં છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. લોકો શા માટે આભા બની જાય છે ?
2. નરસૈયાને ઘેર પધારેલા ભગવાનની સુંદરતા વર્ણવો.

**પ્રશ્ન 3. કાવ્યપંક્તિનો ભાવ સમજાવો.**

'જે ચૌદ લોકનો મહારાજ રે, મહેતા માટે થયા બજાજરે;'

**પ્રશ્ન 4. તમારી આસપાસ રહેલા મંદિરમાંના ભગવાનની શોભાનું વર્ણન કરો.**

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**

વસ્ત્ર, ભૂપ, ધોરી, પ્રભુ

**આટલું કરો**

1. પ્રાર્થનાસભામાં 'વૈષ્ણવજન' પદનું ગાન કરી તેનો અર્થ સમજાવો.
2. નરસિંહ મહેતાના પિતાના શ્રાદ્ધ વિશે શિક્ષક પાસેથી જાણો.
3. આ પદ્યનું વર્ગખંડમાં સમૂહગાન કરો.

•